# શહેરી ઝુપડા વિસ્તારમાં લગ્નની ઉંમરનો સંશોધન અહેવાલ







NAVSARJAN XCHD

## NAVSARJAN

Xavier's Cell for Human Development

Near RTO., Ring Road, Surat-395001
Email:navsarjansurat1986@gmail.com
www.navsarjan-surat.org Ph:-0261-2472226

## નવસર્જનની માહિતી

"બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦" હેઠળ "નવસર્જન, ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ" ની સ્થાપના મે, ૧૯૮૬માં 'સોસાયટી ઓફ જીસસ' એટલે 'ઈસુ સંઘ' ગુજરાત પ્રાંતના નેજા હેઠળ કરવામાં આવી હતી. નવસર્જન એ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ નવીન સર્જન, નવેસરથી સર્જન.

**દ્રષ્ટી – કલ્પના :**

નવસર્જન એક એવા વિશ્વનું નિર્માણ કરવા પ્રયત્નશીલ છે જ્યાં વ્યક્તિને પોતાની પૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરવા સમાન અને પુરતી તક મળે, એક એવો સમાજ જ્યાં ન્યાય, શાંતિ અને સમૃધ્ધિ સાથે લોકો માનવીય જીવન જીવી શકે.

**લક્ષ્યો અને ઉદ્દેશો :**

૧) સમાજમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના સર્વાંગી વિકાસ અર્થે કાર્યરત રહેવું.

૨) સ્ત્રીઓ અને બાળકો પર વિશેષ ભાર આપી તેમનું સશક્તિકરણ કરવું.

૩) સંગઠનનું મહત્વ સમજાવી સંગઠિત કરી, જાગૃતિ લાવી લોકોને પોતાના હક્કો માટે પોતે અવાજ ઉઠાવતા થાય તે દિશામાં પ્રોત્સાહિત કરી સામાજિક અને આર્થિક પરિવર્તન લાવવું.

NAVSARJAN XCHD

## પ્રસ્તાવના

લગ્નની ઉંમર એ પ્રજનન ક્ષમતા, શિશુ અને બાળ મૃત્યુદર અને સ્ત્રીઓના સ્વાસ્થ્ય ને અસર કરતી નિર્ણાયક વસ્તી વિષયક બાબત છે. ભારતમાં, લગ્ન માત્ર સાર્વત્રિક જ નહોતા પરંતુ બાળ લગ્ન પણ ભૂતકાળમાં પ્રચલિત છે. લગ્નની ઉંમર વધી રહી હોવા છતાં, દેશના કેટલાક ભાગોમાં વહેલા લગ્ન કરવાનું ચલણ હજુ છે. વહેલા લગ્ન કરાવવા પાછળ પોતપોતના સમાજનાં રીત રિવાજ તેમજ ભણતરનું ઓછું સ્તર પણ અમુક અંશે જવાબદાર છે.

બાળ લગ્નમાં પણ વિશેષ કરીને છોકરીને ઓછી ઉંમરે લગ્ન કરાવી દે છે. તેમને ઉચ્ચ અભ્યાસ પણ કરાવતાં નથી. બાળ લગ્નની સાથે સ્ત્રી પર પરિવારની જવાબદારી આવી જવાથી તેમનો વિકાસ રૂંધાય છે. નાની ઉંમરમાં લગ્ન થવાથી તે જવાબદારી નિભાવવા સક્ષમ ન હોઈ તો તે લગ્ન જીવન પણ સારી રીતે ચાલી શકતું નથી અને અમુક કિસ્સામાં છૂટાછેડા સુધી વાત આવી જાય છે. આ ઉપરાંત તેમના દ્વારા જન્મતું બાળક પણ કુપોષિત જન્મે છે. માતા પિતા બંને જ અશિક્ષિત હોઈ તો તેઓ પણ તેમના બાળકોને બધાને શિક્ષિત કરતા નથી અને આ રીતે ફરી તેઓ પણ બાળકોના લગ્ન કરાવી દે છે. આમ આ રીતે આ ચક્ર ચાલુ જ રહે છે.

NAVSARJAN XCHD

# **સંશોધન પદ્ધતિ**

**આ અભ્યાસમાં મુખ્યત્વે વર્ષ 2020 અને 2021 ના વર્ષમાં પસંદ કરેલા વિસ્તારમાં થયેલ લગ્નમાં જેમાં મુખ્યત્વે તેમની ઉંમર અને તેમનું શિક્ષણ પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત પતિપત્ની શું વ્યવસાય કરે છે અને લગ્ન બાદ તેઓને બાળકો છે કે નથી તેની માહિતી મેળવવી. જો લગ્ન બાદ છૂટાછેડા થયા હોઈ તો તેના કારણો શું છે તે જાણવા નો પ્રયત્ન કરવામાં આવ્યો છે.**

## **લગ્ન અંગેનો સર્વે કરવાનો હેતુ**

- વિસ્તાર સ્તરે થતા લગ્નમાં પતિ પત્નીની ઉંમર અને તેમનામાં શિક્ષણ નું સ્તર કેટલું છે તેની તપાસ કરવી.
- લગ્ન બાદ દંપતીની સામાજિક, આર્થિક અને શારીરિક સ્થિતિનો અભ્યાસ કરવો.

## **અભ્યાસ માટેનું ક્ષેત્ર**

સુરતના 53 ઝુપડપટ્ટી વિસ્તારમાં નવસર્જન કામગીરી કરે છે. તેમાંથી ચાર વિસ્તાર નાગસેનનગર, ભાઠેના, રસુલાબાદ અને આનંદનગર વિસ્તારની પસંદગી કરવામાં આવી હતી.

## **અભ્યાસ નું કદ**

નવસર્જન – ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટના કાર્ય વિસ્તાર માંથી રેન્ડમ સેપલીંગ દ્વારા ચાર વિસ્તાર નાગસેનનગર, ભાઠેના, રસુલાબાદ અને આનંદનગર વિસ્તારની પસંદગી કરવામાં

NAVSARJAN XCHD

આવી હતી. જેમાંથી અનુક્રમે 47, 40, 49 અને 15 લોકોની વ્યક્તિગત મુલાકાત દ્વારા માહિતી મેળવવી.

## માહિતી એકત્રીકરણ

પૂર્વ તૈયાર કરેલ પ્રશ્નાવલિની ચકાસણી કાર્ય બાદ પસંદ કરેલ વિસ્તારમાં જઈ વ્યક્તિગત રીતે માહિતી એકત્ર કરવામાં આવશે. આ ઉપરાંત પ્રશ્નાવલિ ભરનાર નાં નિરીક્ષણ અને અનુભવો પણ ધ્યાનમાં લેવામાં આવશે.

## માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ

માહિતીની ચકાસણી કરી જાતે કમ્પુટરમાં એક્સેલની મદદ થી કોષ્ટક અને ચાર્ટ બનાવી પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે અને માહિતીનું અર્થઘટન કરી તારણો કાઢવામાં આવશે.

## માહિતી એકત્રીકરણ ની પદ્ધતિ

### 1.પ્રાથમિક માહિતી

અભ્યાસ માટેની પ્રાથમિક માહિતી વ્યક્તિગત સર્વે ફોર્મ દ્વારા મેળવવા માં આવશે. આ સર્વે ફોર્મ મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ કરીને બનાવવામાં આવેલ છે, જેમાં.

1. વ્યક્તિગત માહિતી
2. સામાજિક અને આર્થિક પરિસ્થિતિ
3. શૈક્ષણિક સ્થિતિ અને આરોગ્ય ને લગતી માહિતી
4. 2020 અને 2021 ના વર્ષમાં કરેલ લગ્નની વિગત


NAVSARJAN XCHD

**૨. ગૌણ માહિતી**

**ગૌણ માહિતી માટે અગાઉ થયેલ અભ્યાસ અને ઓનલાઈન ઉપલબ્ધ માહિતી માંથી માહિતી મેળવવા માં આવેલ છે.**

## માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન


### 1. ઉત્તર દાતાની જાતિ આધારે વિભાજન




ઉપર દર્શાવેલ ઉત્તરદાતામાં કુલ 151 વ્યક્તિઓની પ્રશ્નાવલિ ભરવામાં આવી હતી, જેમાં 21% પુરુષો અને 79% સ્ત્રીઓની પ્રશ્નાવલિ ભરવામાં આવી હતી.


NAVSARJAN XCHD

## 2. ધર્મ આધારે ઉત્તર દાતાની માહિતી




ઉપર દર્શાવેલ કોષ્ટક 2 માં ધર્મ આધારે ઉત્તરદાતાનું પ્રમાણ દર્શાવ્યું છે જેમાં હિંદુ ધર્મના 68% અને મુસ્લિમ ધર્મના 32% પ્રશ્નાવલિ ભરવામાં આવી હતી.


## 3. ઉત્તર દાતા નું મૂળ વતન




ઉપર દર્શાવેલ કોષ્ટક 3 માં પ્રશ્નાવલિ જેમની ભરવામાં આવી છે તેમાં ગુજરાતના સૌથી વધુ પુરુષ 13% અને સ્ત્રી 46% છે. ત્યારબાદ મહારાષ્ટ્ર ના 7% પુરુષ અને 30% સ્ત્રીનું સર્વે કરવામાં આવ્યું હતું. ઉત્તર પ્રદેશના 2% સ્ત્રી જ્યારે મધ્ય પ્રદેશમાં 1% થી ઓછા છે.

NAVSARJAN XCHD


## 4. સુરતના વિસ્તારના આધારે ઉત્તર દાતાની સંખ્યા




ઉપર દર્શાવેલ કોષ્ટક 4 માં વિસ્તાર પ્રમાણે ભાઠેના 27%, રસુલાબાદ 32%, નાગસેનનગર 31%, અને આનંદનગરમાંથી 10% પ્રશ્નાવલિ ભરવામાં આવી હતી.

NAVSARJAN XCHD

## 5. લગ્ન સમયે પતિ પત્નીની ઉંમર




ઉપર દર્શાવેલ કોષ્ટક 5 માં 18 વર્ષથી ઓછી ઉંમરમાં લગ્ન કરાવેલ હોઈ તેવા પુરુષ માત્ર 1% છે જ્યારે સ્ત્રીઓ 17% અને 17% સ્ત્રીઓ છે જે બાળ લગ્નમાં આવે છે. છોકરીની લગ્નની ઉંમર 18 થી લઈને 24 સુધી અને છોકરાની લગ્નની ઉંમર 21 થી લઈને 30 સુધી વધુ જોવા મળે છે.

## 6. સ્ત્રી પુરુષ માં શિક્ષણ પ્રમાણ

| શૈક્ષણિક સ્થિતિ | | |
|---|---|---|
| **શિક્ષણ** | **પુરુષ** | **સ્ત્રી** |
| **અભણ** | 2% | 4% |
| **1-3** | 1% | 0.66% |
| **4-6** | 7% | 6% |
| **7-9** | 29% | 33% |
| **10-12** | 44% | 46% |
| **કોલેજ** | 16% | 10% |
| **એન્જીનીયરીંગ** | 0.66% | 0.66% |

ઉપર દર્શાવેલ કોષ્ટક 6 અનુસાર શિક્ષણનું પ્રમાણ સ્ત્રી પુરુષ બંનેમાં ધોરણ 10 -12 સુધીનું શિક્ષણ જોવા મળે છે જે અનુક્રમે પુરુષોમાં ૪૪% અને સ્ત્રીમાં 46% જેટલું છે. ઉચ્ચ અભ્યાસમાં 16% અને 10% જેટલું જોવા મળે છે


## 7. બાળ લગ્નમાં ઉંમર ધર્મ પ્રમાણે માહિતી




NAVSARJAN XCHD

ઉપર દર્શાવેલ કોષ્ટક 7 માં કૂલ 102 મુસ્લિમ લગ્નમાં 20% બાળ લગ્ન છે અને હિંદુમાં કૂલ 102 માંથી 15% બાળ લગ્ન જોવા મળ્યા છે.

## 8. 20 વર્ષથી ઓછી ઉંમરમાં લગ્ન થયેલ સ્ત્રીનું શિક્ષણ




ઉપર દર્શાવેલ કોષ્ટક 8 માં જોતા હિંદુમાં સ્ત્રીનું શિક્ષણ 9 થી 12 ની વચ્ચે અને મુસ્લિમમાં 6 થી 8 સુધીનું શિક્ષણ જોવા મળે છે.

## 9. 20 વર્ષથી ઓછી ઉંમરમાં લગ્ન થયેલ પુરૂષનું શિક્ષણ

| ૨૦ વર્ષથી ઓછી ઉંમરમાં લગ્ન કરેલ હોય તે પુરુષ નું શિક્ષણ | | |
|---|---|---|
| શિક્ષણ | હિંદુ | મુસ્લિમ |
| અભણ | 0.66% | 0% |
| 3 થી 5 | 0% | 0.66% |
| 6 થી 8 | 0.66% | 0.66% |
| ૯ થી 10 | 2% | 0.66% |
| 11 થી 12 | 1% | 0% |

NAVSARJAN XCHD

ઉપર દર્શાવેલ 9 માં કૂલ 10 જેટલા પુરુષો જેમના લગ્ન 20 વર્ષથી ઓછી ઉંમરમાં થયા છે તેમાં પણ હિંદુમાં 12 સુધી અને મુસ્લિમ માં 10 સુધીનું શિક્ષણ જોવા મળે છે.

## 10. પતિ પત્નીની વ્યાવસાયિક સ્થિતિ

| વ્યવસાયિક સ્થતિ | | |
|---|---|---|
| વ્યવસાય | પુરુષ | સ્ત્રી |
| અભ્યાસ | 0.66% | 1% |
| ગૃહિણી | 0% | 94% |
| દુકાન | 18% | 0.66% |
| નોકરી | 8% | 1% |
| મજુરી | 30% | 2% |
| સીવણ ક્લાસ | 0% | 1% |
| કંપની | 27% | 0% |
| માર્કેટ | 7% | 0% |
| ડ્રાયવર | 8% | 0% |
| મહાનગરપાલિકા | 1% | 0% |

ઉપર દર્શાવેલ કોષ્ટક 10 માં પતિ પત્નીની વ્યાવસાયિક સ્થિતિ દર્શાવાય છે. જેમાં જોતા 94% સ્ત્રીઓ ગૃહિણી છે. પુરુષોમાં જોતા કંપનીમાં 27% અને મજુરી કામમાં 30% જેટલા જોવા મળે છે.

# મુખ્ય તારણો

1. લગ્નની ઉંમર જોતા સ્ત્રીઓ માં 16 વર્ષ થી લઈને 24 વર્ષના ગાળામાં મોટા ભાગની સ્રીઓના લગ્ન કરાવી દેવામાં આવે છે. તેમનું શિક્ષણ જોતા તેઓને વધુમાં વધુ ધોરણ 12 સુધી ભણાવવામાં આવે છે ત્યારબાદ તેમના લગ્ન કરી દેવમાં આવે છે.
2. પુરુષોમાં લગ્નની ઉંમર 21વર્ષ થી લઈને 30 વર્ષ સુધીના ગાળામાં જોવા મળે છે. પરંતુ શિક્ષણ સાથે કોઈ સીધો સંબંધ જણાતો નથી.
3. શૈક્ષણિક રીતે જોતા પુરુષ કરતા સ્ત્રીઓ માં શિક્ષા નું પ્રમાણ વધારે છે.

NAVSARJAN XCHD

4. બાળ લગ્નમાં જોતા મુસ્લિમ ધર્મમાં 20% બાળ લગ્ન જોવા મળ્યા છે જયારે હિંદુમાં 15% જેટલા બાળ લગ્ન જોવા મળ્યા છે.
5. હિંદુ સ્ત્રીઓ કરતા મુસ્લિમ સ્ત્રીઓમાં શિક્ષણનું સ્તર ઓછું છે. 20 વર્ષથી ઓછી ઉંમરમાં લગ્ન કરેલ સ્ત્રીઓમાં હિંદુમાં ધોરણ 12 માં  સુધી અભ્યાસ કરેલ હોય તેવી 13% જયારે મુસ્લિમમાં ફક્ત 3 % જ છે.
6. વ્યાવસાયિક દ્રષ્ટીએ જોતા પુરુષો નોકરી, પોતાનો વ્યવસાય કે મજુરી કામ કરે છે.
7. સ્ત્રીઓ 94% ગૃહિણીઓ છે અને બાકી 6 % માં નોકરી, ભણતર અને મજુરી કામ કરે છે.
8. 7% પુરુષો છે જેમના લગ્ન 20 વર્ષથી ઓછી ઉંમરમાં થયા છે જયારે 17 % સ્ત્રીઓ છે જેમના લગ્ન 20 વર્ષથી ઓછી ઉંમરમાં થયા છે.

NAVSARJAN XCHD